ગત ટર્મના બે પ્રમુખો, કારોબારી અધ્યક્ષ, બાંધકામ સમિતિ અધ્યક્ષ જેવી મહત્તમ સમિતિના અધ્યક્ષના પત્તા કપાયા

# વલસાડ ભાજપના જિ.પં.ની 36 બેઠકના ઉમેદવાર જાહેર



**ભાજપે** માત્ર 4 ઉમેદવારોને રીપીટ કર્યા, અનેક સિનિયર તેમજ યુવાઓના પત્તા કપાયા

**આ** વર્ષે ભાજપે સંગઠન અને પદાધિકારીઓ તેમજ સરપંચના સંબંધીને ટિકીટની ખુલ્લા હાથે વહેંચણી કરી

વલસાડ : ચૂંટણીના પડઘમ વચ્ચે આજરોજ ભાજપે વલસાડ જિલ્લાની જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી બહાર પાડી છે. જેમાં જિલ્લા પંચાયતની 36 બેઠકોની યાદી બહાર પાડી છે. જોકે, આ યાદીમાં ગત વર્ષના 3 મહિલા અને એક પુરુષ સભ્ય મળી કુલ 4 સભ્યોને રિપીટ કર્યા છે. જેના કારણે જિલ્લા પંચાયતમાં ફરીથી નવી ટીમ આવશે.

વલસાડ જિલ્લા પંચાયતની પાછલી ટર્મમાં 39 બેઠકો પૈકી ભાજપે 38 બેઠકો હાંસલ કરી એક તરફી જીત હાંસલ કરી હતી. એ સમયે નવા નિશાળિયા એવા સભ્યો સાથે જિલ્લા પંચાયતની આખી ટર્મ ચાલી હતી. જોકે, આ વખતે ગત વર્ષે ચૂંટાયેલા સિનિયર નેતાઓને પણ કાપી નાખ્યા છે. જેમાં ગત ટર્મના બે પ્રમુખો, કારોબારી અધ્યક્ષ, બાંધકામ સમિતિ અધ્યક્ષ જેવી મહત્તમ સમિતિના અધ્યક્ષનું પત્તુ કાપી નાખ્યું છે. આ વર્ષે તેમણે ગત ટર્મના શિક્ષણ સમિતિના અધ્યક્ષ એવા નિર્મળાબેન જાદવને, સભ્યો દક્ષાબેન ગાયકવાડ, ઉર્મિલાબેન બિરારી અને ભગવાનભાઇ બાતરીને જ રિપીટ કર્યા છે.

### આ વર્ષે ભાજપ અગ્રણીઓ અને સરપંચોને મહત્વ અપાયું

વલસાડમાં આગામી ચૂંટણીમાં ભાજપ સંગઠનના અગ્રણીઓ તેમજ સરપંચોને મહત્વ આપ્યું છે. તેમણે વલસાડ જિલ્લા પંચાયતની નાનકવાડા બેઠક પર ધારાસભ્ય ભરતભાઇ પટેલના સગા ભાઇના પુત્ર એટલે કે સગા ભત્રીજા પાર્થ પટેલને, કોસંબા બેઠક પર, ભાજપ અગ્રણી અને વલસાડ ભાજપના માજી ઉપપ્રમુખ જીતેશ પટેલના પત્ની હેતલબેન પટેલને કોસંબા બેઠક પર, ડુંગરીના સરપંચ પ્રીતીબેન અસિતભાઇ દેસાઇ, જિલ્લા ભાજપના અગ્રણી ગણેશ બિરારીના પત્ની ઉર્મીલાબેન બિરારી, ખજૂરડીના સરપંચ સ્નેહલકુમાર પટેલને પારડી સાંઢપોર બેઠક પર ઉમેદવારી માટેની ભાજપની ટિકીટ આપી હતી. જેને લઇ આ વખતે ભાજપની ટીમ મજબૂત રહેશે એવું લાગી રહ્યું છે. જોકે, આ મજબૂત અને જાણકાર ટીમ વચ્ચેનો તાલમેલ કેવો રહેશે એ ચૂંટણી પછી જ જોવા મળશે.

### મહત્વની કોસંબા બેઠક પર તમામની નજર રહેશે

આ વર્ષે જિલ્લા પંચાયતની પ્રથમ ટર્મમાં પ્રમુખ તરીકે ઓબીસી મહિલાની બેઠકનું રોસ્ટર છે. ત્યારે કોસંબાની બેઠક પરથી જ ભાજપે ઓબીસી મહિલા ઉમેદવારને ઉતાર્યા છે. આ સિવાય કોસંબા બેઠક અંતર્ગત મહત્વનું અને વલસાડ શહેરને ટક્કર મારતું ભાગડાવડા ગામ પણ આવે છે. જેના કારણે આ બેઠક ખૂબ મહત્વની માનવામાં આવે છે. આ બેઠકના ઉમેદવાર હેતલબેન જીતેશભાઇ પટેલ જીતે તો તેઓ જ પ્રમુખ બને એવી પણ ચર્ચા ચાલી રહી છે.

### વલસાડ તાલુકા પંચાયતની બેઠકનું લિસ્ટ પણ જાહેર કરાયું

ગુજરાત પ્રદેશ ભાજપે આજરોજ સ્થાનિક સ્વરાજની વલસાડ જિલ્લાની તમામ ચૂંટણીઓમાં વલસાડ જિલ્લા પંચાયત સાથે તાલુકા પંચાયતનું લિસ્ટ પણ બહાર પાડ્યું છે. જેમાં વલસાડ તાલુકાના અત્યંત મહત્વ ગણાતા ભાગડાવડા ગામની ભાગડાવડા બેઠક પર ગામના સરપંચ ધર્મેશ પટેલના પત્ની શિવાંગી પટેલ પર જ ભાજપે પસંદગી ઉતારી છે. જેના કારણે ભાગડાવડા ગામ પર સરપંચ ધર્મેશ પટેલનું વર્ચસ્વ અકબંધ રહેશે. આ સિવાય ડુંગરી પંથકની વાંકલ બેઠક પરથી રોલાના ઉપસરપંચ ચિંતન પટેલ, પારનેરા પારડીમાં મહિલા ભાજપ અગ્રણી જિગિત્સાબેન પટેલ, પારડીસાંઢપોર હનુમાનભાગડાના સરપંચ પ્રીતીબેન પટેલ પર પોતાની પસંદગીનો કળશ ઢોળ્યો છે. આગામી ટર્મમાં વલસાડ તાલુકા પંચાયતમાં પણ ભાજપની મજબૂત ટીમ આવે એવું હાલ લાગી રહ્યું છે.

કોંગ્રેસ કરતાં આ વખતે આપ પણ જોરશોરથી સક્રિય બન્યું

## વલસાડમાં પંચાયતોની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ થવાની સંભાવના

**ભાજપ** કોંગ્રેસ કરતા આપને પોતાનું હરીફ માની રહ્યું હોવાનું જોવા મળી રહ્યું છે

વલસાડ : વલસાડમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે ઉમેદવારોની યાદી બહાર પાડી દીધી છે. જેને લઇ માહોલ ગરમાયો છે. ચૂંટણીમાં ભાજપ-આપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયા જંગની સંભાવનાઓ લાગી રહી છે. કોંગ્રેસ કરતાં આપ પણ જોરશોરથી સક્રિય બન્યું હોવાનું જોવા મળી રહ્યું છે.

વલસાડ જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ભાજપને કોંગ્રેસ કરતા આપથી વધુ ડર લાગી રહ્યો હોવાનું અંતરંગ સૂત્રોમાં ચર્ચાઇ રહ્યું છે. સમગ્ર રાજ્યમાં ભાજપ દ્વારા કોંગ્રેસ વિરોધી નહીં, પરંતુ આપ વિરોધી લડત અને નિવેદનો અપાતા હોવાનું જોવા મળી રહ્યું છે. વલસાડમાં પણ આ જ પરિસ્થિતિ જોવા મળી છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં વલસાડ બેઠક પર, ધરમપુર બેઠક પર અને કપરાડા બેઠક પર આપ કોંગ્રેસને પછાડી બીજા નંબરે આવી ગઇ હતી. જોકે, ત્યારબાદ વલસાડમાં આપના સંગઠનમાં સક્રિયતા જોવા મળી ન હતી. કોંગ્રેસ જૂનો પક્ષ હોય તેનું સંગઠન છે. તેમનામાં સક્રિયતા છે, પરંતુ તેઓને ઉમેદવારો શોધવામાં પણ ધારી સફળતા મળી નથી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીની વાત કરીએ તો ગત નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે સમ ખાવા પૂરતી માત્ર એક બેઠક હાંસલ કરી હતી. ગત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને એક પણ બેઠક મળી ન હતી. તેમજ વલસાડ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને એક પણ બેઠક મળી નથી. જેના કારણે આ વર્ષે કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ ટકાવવા મહેનત કરશે. આપ સ્થાનિક સ્વરાજમાં પ્રવેશ મેળવવા એડીચોટીનું જોર લગાવશે. ત્યારે આખી ચૂંટણી ત્રિપાંખિયો જંગ બની રહે એવું હાલ લાગી રહ્યું છે.

### સોશિયલ મીડિયામાં આપ વિરોધી વિડીયો અચાનક વાઇરલ

છેલ્લા બે થી ત્રણ દિવસથી સોશિયલ મીડિયામાં આપ વિરોધી અનેક વિડીયો વાઇરલ થઇ રહ્યા છે. આ વિડીયો સ્થાનિક કક્ષાના નહીં, પરંતુ પ્રદેશ કક્ષાના છે. જેમાં આપના દિગ્ગજ નેતાઓના વિવિધ નિવેદનોને લઇ તેમની ટીકાઓ થઇ રહી છે. તેમજ તેમને નિશાનો બનાવાઇ રહ્યા છે. વલસાડના સોશિયલ મીડિયા સર્કલમાં પણ આવા અનેક વિડીયો વહેતા થયા છે. ત્યારે ભાજપ કોંગ્રેસ કરતા આપથી ડરી રહી હોવાની એક પ્રતિતી થઇ રહી છે. આ વિડીયો અચાનક જ સોશિયલ મીડિયામાં દેખાવા લાગ્યા છે. ત્યારે ભાજપની આ રણનીતિની પણ વ્યાપક ચર્ચા રાજકિય પંડિતોમાં ચાલી રહી છે. આપના વિરોધી વિડીયો થકી તેઓ આપને કટ ટુ સાઇઝ કરવાના પ્રયાસ કરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે. જોકે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આપ વલસાડ તેમજ ગુજરાતમાં કેવું પ્રદર્શન કરે એ ચૂંટણી બાદ જ જાણી શકાશે.



## કપરાડા તાલુકામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

**ભાજપ**-કોંગ્રેસ દ્વારા જિ.પં.ની 5 અને તા.પં.ની 22 બેઠક માટે ઉમેદવારી પત્રકો ભરાયા

**અનેક** મોટા નેતાઓની ટિકિટ કપાતા હડકંપ મચ્યો

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્રકો ભરવાનો શનિવાર અંતિમ દિવસ છે. એ અગાઉ શુક્રવારે વલસાડ જિલ્લામાં ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા અલગ અલગ તાલુકા મથકોએ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. બીજી તરફ કપરાડા અને નાનાપોંઢામાં ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. કપરાડા તાલુકા અને નવનિર્ધારિત નાનાપોંઢા તાલુકા પંચાયતો માટે ભાજપ દ્વારા ડીજેના તાલે ઉમેદવારોએ ઉમેદવારીપત્રકો ભર્યા હતાં. કપરાડા ભાજપ કાર્યાલય પર ધારાસભ્ય જીતુ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહી કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો. કપરાડા ભાજપ સંગઠન પ્રમુખ અરવિંદભાઈ કોતીએ જણાવ્યું કે, કપરાડા તાલુકા પંચાયતની તમામ 22 બેઠકો અને જિલ્લા પંચાયતની 5 બેઠકો માટે ઉમેદવારી પત્રકો ભરાયા છે. કોંગ્રેસ દ્વારા તમામ 22 તાલુકો પંચાયત અને 5 જિલ્લા પંચાયત બેઠકો ઉપર ઉમેદવારી નોંધાવી હતી.

કોંગ્રેસ આગેવાન ઈશ્વરભાઈએ સ્થાનિક કક્ષાએ રોજગારી, પાણી, માર્ગો, આરોગ્ય અને શિક્ષણ સહિતના મુદ્દે ઉદભવતી સમસ્યાઓ ઉજાગર સાથે પ્રજા વચ્ચે જઈશું તેમ જણાવ્યું હતું. નાનાપોંઢા તાલુકા પંચાયત માટે 98 અને જિલ્લા પંચાયત માટે 13 ઉમેદવારી પત્રકો ભરાયા હતાં.

### માંડવામાં કોંગ્રેસના મોટા નેતાની પુત્રવધૂને ભાજપે ટિકિટ ફાળવી

નાનાપોંઢા તાલુકામાં સમાવિષ્ટ માંડવા જિલ્લા પંચાયત બેઠક ઉપર તાલુકાના કદાવર નેતાએ ટિકિટ માંગી હોવા છતાં મૂળ કોંગ્રેસી અને આમ આદમી પાર્ટીમાં ગયેલા કોંગ્રેસના મોટા નેતા દશમાભાઈ ધનારિયાની પુત્રવધૂને ભાજપે ટિકિટ ફાળવી છે.

## વાપી મનપાની ચૂંટણી માટે ભાજપમાં જૂના જોગી ઓછા

**સતિષ** પટેલ અને મિતેશ દેસાઈ જેવા ભાજપના પૂર્વ શહેર પ્રમુખોને મેદાનમાં ઉતાર્યા

વાપી : વાપી મહાનગરપાલિકાની ચૂંટણી માટે શુક્રવારે પ્રદેશ ભાજપ તરફથી ઉમેદવારોની યાદી બહાર પડી તેમાં જૂના જોગીઓ ઓછા જોવા મળ્યા છે. ૧૧ જેટલા ગત ટર્મમાં પાલિકામાં હતા તેવા નગરસેવકોને ભાજપે ફરી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે છ જેટલા ઉમેદવારોમાં ગત ટર્મમાં નગરસેવક હોય તેના પરિવારના સભ્યને ટિકીટ આપી ભાજપે ઉમેદવાર બનાવ્યા છે. વાપી શહેરના ભાજપના બે પૂર્વ પ્રમુખોને આ ચૂંટણીમાં મેદાનમાં ઉતાર્યા છે. જેમાં સતિષભાઈ પટેલને વોર્ડ નં.૫માંથી ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. તેમજ વોર્ડ નં.૯માં પૂર્વ ભાજપ શહેર પ્રમુખ મિતેશભાઈ દેસાઈને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. આ વોર્ડમાં પાલિકાના પૂર્વ પ્રમુખ ટીનાબેન હળપતિને પણ ઉમેદવાર તરીકે ફરી ભાજપે ટિકીટ આપી છે. જોકે ભાજપના કેટલાક જૂના અને જાણીતા ચહેરાઓને ભાજપના હાલના માપદંડમાં ટિકીટ મળી નથી. છતાં નવા ચહેરાઓ સાથે ભાજપ તરફ ૧૧ ગામમાં પૂર્વ સરપંચો તેમજ તાલુકા પંચાયતમાં ઉમેદવારો હોય તેવા ઉમેદવારની પસંદગી કરી છે. ભાજપના ૫૨ ઉમેદવારો શનિવારે ઉમેદવારીપત્રો ભરશે. આ ઉમેદવારોમાં આ વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની સૂઝપૂર્વકની પસંદગી દેખાઈ રહી છે. તેમણે ગ્રામ્ય વિસ્તાર તેમજ શહેરી વિસ્તારના ઉમેદવારની પસંદગીમાં સારા તેમજ જીતી શકે તેવા ઉમેદવારોને પ્રાધાન્ય આપ્યું હોય તેવું લાગે છે. એક રીતે કહીએ તો વાપી મહાનગરપાલિકાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારોની પસંદગીમાં કનુભાઈની દીર્ઘદૃષ્ટિનો પરચો જોવા મળ્યો છે.

**વોર્ડ નં. 1**
ભૂમિકાબેન સંતોષભાઇ પટેલ
ઉન્નતિ રિકેનભાઇ પટેલ
મયુરકુમાર પ્રવિણભાઇ પટેલ
સંદિપભાઇ અમૃતભાઇ પટેલ

**વોર્ડ નં. 2**
અંજનાબેન સંજયભાઇ પટેલ
ઉષા વિજયભાઇ ઢોલરિયા
યોગેશભાઇ રામુભાઇ પટેલ
કૌશિક પ્રહ્લાદભાઇ પટેલ

**વોર્ડ નં. 3**
સુનિતા ઉમેશભાઈ તિવારી
દક્ષાબેન જગદીશભાઇ પટેલ
વિજયભાઇ છોટુભાઇ પટેલ
સમસુદીન નુરૂદીન ચૌધરી

**વોર્ડ નં. 4**
દક્ષાબેન રાજેશભાઇ પટેલ
ચાર્મીબેન તેજસભાઇ વસી
દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ
દર્પણ વિનોદરાય દેસાઇ

**વોર્ડ નં. 5**
કવિતા સંજય દુધૈયા
દેવલ દિપકભાઇ દેસાઇ
સની ગોવિંદભાઇ પટેલ
સતીષ ગંગારામ પટેલ

**વોર્ડ નં. 6**
મીત્તલબેન મનોજભાઈ નંદાણીયા
તસ્લીમ સુલ્તાન બાબુલ
ભવલેશ જીવરાજભાઇ કોટડીયા
ધરમેસ વસ્તાભાઇ પટેલ

**વોર્ડ નં. 7**
ખુશ્બુબેન નિલેશભાઇ નાયકા
મનીશાબેન દિનેશભાઇ દાયમા
ધરમકુમાર કાન્તીલાલ પટેલ
જયેશભાઇ અશ્વિનભાઇ કંસારા

**વોર્ડ નં. 8**
પ્રિયંકા ચેતનભાઇ કહાર
નેહલ મનિષ નાયક
રણજીતભાઇ રમણભાઇ પટેલ
બિમલકુમાર પ્રવિણચંદ્ર શાહ

**વોર્ડ નં. 9**
ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ
મીતલબેન કુંજલ શાહ
વિપુલચંદ્ર લાલુભાઇ પટેલ
મિતેષ નવનીતલાલ દેસાઇ

**વોર્ડ નં. 10**
મનીષા ગિરીશભાઇ પટેલ
સોનલકુમારી સતિષભાઇ પટેલ
રાજેન્દ્ર પરસોત્તમ પટેલ
વિનોદ હરીશચંદ્ર યાદવ

**વોર્ડ નં. 11**
જેતલ મંગેશ પટેલ
પુનમબેન દિનેશ પટેલ
હેમંત અંબેલાલ પટેલ
દિવ્યેશકુમાર રણજીતભાઇ પટેલ

**વોર્ડ નં. 12**
નીતાબેન હંસરાજભાઇ ખાનીયા
શીલ્પાબેન રાજેશભાઇ દેસાઇ
મુકેશભાઇ અમ્રતલાલ પટેલ
દીનેશભાઇ શીવાજી ગુંન્ડ

**વોર્ડ નં. 13**
ઇલાબેન પંકજભાઇ પટેલ
દર્શનાબેન ભાવેશ હળપતિ
મહેશભાઇ સુક્કરભાઇ પટેલ
નિલેષભાઇ ભીખુભાઇ રાઠોડ

| વોર્ડ | નંબર | ઉમેદવાર નું નામ | પક્ષ |
|---|---|---|---|
| 1: વોર્ડ - 1 | 1 | મહેરૂન્નિશા ડબલુઅલી સુલેમાન | AAP |
| 2: વોર્ડ - 2 | 1 | ભદ્રેશકુમાર બાબુભાઇ પટેલ | IND |
| | 2 | વિશાલ ઓમપ્રકાશ સિંહ | AAP |
| | 3 | અવિનાશ શિવપ્રસાદ મોદી | IND |
| 3: વોર્ડ - 3 | 1 | નેહલતા હવલદાર યાદવ | INC |
| | 2 | સોની મન્નુલાલ મૌર્યા | INC |
| | 3 | વિજય સુરેન્દ્ર ગુપ્તા | INC |
| 4: વોર્ડ - 4 | 1 | મુકેશકુમાર રામજીભાઇ ભાટકર | INC |
| | 2 | જીનલ જશવંત પટેલ | INC |
| 5: વોર્ડ - 5 | 1 | હસમુખભાઇ મણીભાઈ પંચાલ | INC |
| 6: વોર્ડ - 6 | 1 | હારુન ઈસ્માઈલ શેખ | AAP |
| | 2 | રાખી બિપીન તોમર | AAP |
| | 3 | જયમીત મુકેશભાઈ જયસ્વાલ | INC |
| | 4 | મંગ્લેશ રાધેશ્યામ સીંગ | AAP |
| 7: વોર્ડ - 7 | 1 | જગજીવનભાઈ રઘુભાઈ રાઠોડ | INC |
| | 2 | જીગ્નેશભાઇ સેવંતુભાઈ નાયકા | INC |
| 8: વોર્ડ - 8 | 1 | શીતલ મનોજ સોલંકી | AAP |
| | 2 | રણજીતભાઈ જયંતીભાઈ સગર | AAP |
| | 3 | વરૂણસિંગ દિલીપસિંગ | INC |
| | 4 | જગનભાઇ પ્રભુભાઈ પટેલ | INC |
| | 5 | ભાવેશભાઈ ઠાકોરભાઈ પટેલ | INC |
| | 6 | શૈલ પારસ શાહ | INC |
| 9: વોર્ડ - 9 | 1 | રંજુબેન સુરેશભાઇ હળપતિ | INC |
| | 2 | બાબુલાલ પુખરાજજી જૈન | INC |
| 10: વોર્ડ - 10 | 1 | સ્મિતાબેન રાકેશકુમાર પટેલ | INC |
| | 2 | અજયકુમાર શશીકાંત મહેતા | INC |
| | 3 | ઉરમિલા મહેશભાઇ યાદવ | INC |
| | 4 | પીરમહંમદ ઇસ્તાયકઅહમદ મકરાણી | INC |
| 11: વોર્ડ - 11 | 1 | ખંડુભાઇ ગુલાબભાઇ પટેલ | INC |
| | 2 | નસરીનબેન નાસીરભાઇ પાનવાલા | INC |
| | 3 | લોચનાબેન ભીમરાવ કટકે | INC |
| | 4 | સીંદુબેન ઉત્તમભાઇ તારૂ | INC |
| | 5 | હર્ષદકુમાર ચીમનભાઇ પટેલ | INC |
| 12: વોર્ડ - 12 | 1 | પ્રફુલકુમાર સિંગ ઉધયસિંગ સિંગ | INC |
| | 2 | જીતેષભાઇ ખંડુભાઇ પટેલ | IND |
| | 3 | નિલેશભાઇ મગનભાઇ પટેલ | IND |
| 13: વોર્ડ - 13 | 1 | નરગિશ સોકતખાન ખાન | INC |
| | 2 | ક્રિષ્ના રિતેશ ભાનુશાલી | INC |
| | 3 | દિનેશ હરીહર પ્રસાદ | INC |

## ઉમરગામ પાલિકામાં ઉપપ્રમુખ, કારોબારી સહિત 7 રીપીટ


ઉમેશ સોલંકી

**ભાજપે** ઉમરગામ પાલિકા તથા તાલુકા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવારો જાહેર કરતા કહી ખુશી કહી ગમનો મોહોલ

ઉમરગામ : ઉમરગામ પાલિકામાં ઉપપ્રમુખ, કારોબારી તથા ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન સહિત 7 જણાને રીપીટ કર્યા છે. ઉમરગામમાં જિલ્લા પંચાયતની 8 બેઠક માટે ભાજપના સંજાણ બેઠક ઉપરથી નરેશ પરમાર, સરીગામથી વિનીતા પંકજભાઈ રાય, સોળસુંબાથી વંદના માહ્યાવંશી, ડહેલીથી શૈલેષ પટેલ, ફણસાથી રામદાસ વરઠા, ખતલવાડાથી ભાવિની માછી, મરોલીથી નવીન હળપતિ અને મોહનગામથી રેશમા પટેલને ટિકિટ ફાળવી છે. ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ ડો.નિરવ શાહ, મહામંત્રી સતિષભાઈ, ચેતન રાવત, પ્રકાશ પટેલ, મુકેશ પટેલ, ભરત જાદવ સહિત ભાજપીઓની આગેવાનીમાં ઉમેદવારો ફોર્મ ભરવા કચેરી પહોંચ્યા હતા.

### ઉમરગામ પાલિકાના ઉમેદવારો

કુલ 7 વોર્ડની 28 બેઠકો માટે વોર્ડ નંબર 1 માં વિદિશા માછી, જયશ્રી માછી (ઉપપ્રમુખ ઉમરગામ નગરપાલિકા), જયદીપ અક્કેકર, સુશીલ ભરતીયા વોર્ડ નંબર 2 માં રેશમા માછી, ગાયત્રી વસાવાલા, ગૌરવ કોન્ટ્રાક્ટર (ટાઉન પ્લાનિંગ ચેરમેન), જીગ્નેશ માછી અને વોર્ડ નંબર 3 માં કુવી ભંડારી, નયનાબેન સુરેશભાઈ, રોકી માછી, હિતેશ હરિહર યાદવ, વોર્ડ નંબર 4 માં ખુશ્બુ જાદવ, વૈભવી માહ્યાવંશી (રીપીટ), યજ્ઞેશ પટેલ, મિત વાઘેલા વોર્ડ નંબર 5 માં કાવેરીબેન બંકિમભાઈ, ચંદનબેન કામળી, યોગેશ દાંડેકર, રિતેશ બારી, વોર્ડ નંબર 6 મા વસુમતી પટેલ, પ્રભા દીપકભાઈ સિંહ, નટુભાઈ રાઠોડ, સુરેશચંદ્ર યાદવ (રીપીટ), અને વોર્ડ નંબર 7 મા જયશ્રીબેન અભિષેકભાઈ, દિપાલી ઠાકોર રીપીટ, અંકુશકુમાર દાભોલકર (કામળી) રીપીટ અને કિરણભાઈને રીપીટ કરવામાં આવ્યા છે.

### ધરમપુર જિ.પં. માટે 23 અને તા.પં. માટે 83 ફોર્મ ભરાયા


આસીફ શેખ

ધરમપુર : આવતી 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજરોજ મામલતદાર કચેરીએ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતાં. ધરમપુર તાલુકાની 6 જિલ્લા પંચાયત બેઠકો સામે કુલ 23 ઉમેદવારી ફોર્મ ભરાયા છે, જ્યારે 24 તાલુકા પંચાયત બેઠકો માટે કુલ 83 ફોર્મ ભરાયા હતા. ભાજપે મામલતદાર કચેરી સુધી વાજિંત્રોની સાથે રેલી યોજી શક્તિ પ્રદર્શન કર્યુ હતું. બીજી તરફ કોંગ્રેસે રેલી કાઢી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે ઉમેદવારી નોંધાવી હતી. ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતાં હવે ફોર્મ પાછા ખેંચવાની તારીખ બાદ સ્પષ્ટ થશે કે કેટલી બેઠકો પર સીધી ટક્કર જોવા મળશે. આ પ્રસંગે ભાજપ તરફથી ધારાસભ્ય અરવિંદ પટેલ, જિલ્લા મહામંત્રી ગણેશ બિરારી તથા મહેન્દ્ર ચૌધરી સહિત સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતાં. જ્યારે કોંગ્રેસ તરફથી જિલ્લા પ્રમુખ કિશન પટેલ, તાલુકા પ્રમુખ રાજેશ પટેલ, મહામંત્રી મુફિદ પઠાણ સહિતના આગેવાનો અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતાં.

## પારડીમાં ભાજપ-કોંગ્રેસ-આપના ફોર્મ ભરાયા

**તા.પં.** ની 22 અને જિ.પં. ની 4 બેઠકોની ચૂંટણી માટે ફોર્મ ભરાયા


અમૃત પટેલ

પારડી : પારડી મામલતદાર કચેરીએ ચૂંટણી અધિકારી કિરણસિંહ રાણા અને આસ્થા સોલંકી તથા તાલુકા પંચાયતમાં ચૂંટણી અધિકારી એસ.વી. ભગોરા સમક્ષ ભાજપ-કોંગ્રેસ, આપ અને અપક્ષના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. પારડી તાલુકા પંચાયતની 22 બેઠકો અને જિલ્લા પંચાયતની 4 બેઠકો માટે ભાજપ ઉમેદવારોએ નાણામંત્રી કનુભાઈ દેસાઈની આગેવાની હેઠળ શુક્રવારે સમર્થકો સાથે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. જિ.પં. ની ચૂંટણી માટે ઉમરસાડી બેઠક પર પ્રજ્ઞેશ પટેલ, ટુકવાડા સોનલ પટેલ, સુખેશ બેઠક પર નરેશ પટેલ, પરીયા બેઠક પર અદિતિ પટેલે ફોર્મ ભર્યા હતાં. તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલે જણાવ્યું હતું કે, મોટી સંખ્યામાં સમર્થકોની હાજરીમાં ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

અત્યાર સુધી જિલ્લા પંચાયત પારડીની 4 બેઠક માટે ભાજપના 6, કોંગ્રેસના 5 અને અપક્ષ 1 ફોર્મ ભરાયા હતાં. જ્યારે તાલુકા પંચાયતની 22 બેઠક માટે ભાજપના 44, કોંગ્રેસના 22, આપ પક્ષના 7 ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં.

### જિ.પં.ની પારડીની 4 બેઠક પર ભાજપ ઉમેદવારો

જિ.પં. ની ચૂંટણી માટે ભાજપ પક્ષ પારડીના ઉમરસાડી બેઠક પર પ્રજ્ઞેશ બળવંતરાય પટેલ, ટુકવાડા સોનલબેન રવિન્દ્ર પટેલ, સુખેશ બેઠક પર નરેશ નવીનભાઈ પટેલ, પરીયા બેઠક પર અદિતિ અંકિત પટેલે ફોર્મ ભર્યા હતા.

### પારડી તા.પં.ની 22 બેઠક પર ભાજપ ઉમેદવાર

અંબાચમાં તેજસ્વિની આહીર, આમળીમાં કિર્તીબેન પટેલ, બાલદામાં ભવદિપ પટેલ, ડુમલાવ હિરેન પટેલ, ડુંગરી મહેન્દ્ર પટેલ, ગોઈમા ટીનાબેન પટેલ, કોલક હેમલતા ટંડેલ, મોતીવાડા જીતેન્દ્ર પટેલ, નાના વાઘછીપા કિન્નરી પટેલ, ઓરવાડ મનિષ પટેલ, પલસાણા હેમંત નાયકા, પંચલાઇ પૂજા પટેલ, પરીયા નયન દેસાઈ, પરવાસા દક્ષા પટેલ, રેંટલાવ ભાવના પટેલ, રોહિણા શૈલેશ પટેલ, સોનવાડા જશોદા પટેલ, સુખેશ અજય પટેલ, ટુકવાડા પ્રિયા પટેલ, ઉદવાડા અપેક્ષા પટેલ, ઉમરસાડી-1 હિતેન્દ્ર ટંડેલ, ઉમરસાડી-2 મુકેશ હળપતિએ ફોર્મ ભર્યું હતું.

## નાનાપોંઢા તાલુકામાં ચૂંટણી અગાઉ જ કોંગ્રેસમાં કમઠાણ

**સુખાલામાં** કુંજાલી પટેલે ઉમેદવારી ન કરતા ભાજપ ગેલમાં

વલસાડ : નાનાપોંઢા તાલુકા પંચાયત જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ માટે ભાજપમાં કેટલીક બેઠકો માટે વિવાદ ઉભો થઈ રહ્યો છે. તો કોગ્રેસ માટે પણ પરિસ્થિતિ સારી નથી. સૌથી મહત્વની સુખાલા તાલુકા પંચાયત બેઠક માટે જેનું નામ સૌથી ઉપર હતું એ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી અને પૂર્વ-તાલુકા પંચાયત સભ્ય કુંજાલી પટેલ ઉમેદવારી કરવાથી દૂર રહેતા કોગ્રેસને ફટકો પડ્યો છે. 'ગુજરાતમિત્ર'ને કુંજાલી પટેલે જણાવ્યું કે મને તાલુકા પંચાયત બેઠક ઉપર ઉમેદવારી પત્રક ભરવા જણાવ્યું અને રાત્રે તમારું નામ લિસ્ટમાં નથી એવું જણાવતા મેં ઉમેદવારી નથી કરી, હું પ્રચાર માટે જોડાઇશ નહીં. આમ અંભેટી બેઠક સહિત અન્ય તાલુકા પંચાયતો ઉપર મહિલાઓમાં ખાસ્સું પ્રભુત્વ ધરાવતી કુંજાલી પટેલે ફોર્મ ન ભરતા ભાજપ ગેલમાં આવી ગયું છે. આ અંગે જિલ્લા કોગ્રેસ પ્રમુખ કિશન પટેલે જણાવ્યું કે કુંજાલીબેનને તાલુકા પંચાયત માટે મંજૂરી અપાઈ હતી, પરંતુ તેઓ જિલ્લા પંચાયત માટે પણ ટિકિટ માંગતા હોય આ વિવાદ ઉભો થયો છે. જોકે હાલે વિવાદ સુલઝાવી દેવાયો છે.


ટોન્સિલ (કાકડા) ની આયુર્વેદિક દવા આપવામાં આવશે.
મો. નં. 6352593695

CHANGE OF NAME
I have changed my old name from Vilasrao S Patil to new name Vilasrao Sahebrao Patil & I will be known as my new name which please note
SD. VILASRAO SAHEBRAO PATIL
ADD : 98-C, Dharanagar, Abrama, Valsad. 396001.

નવા વર્ષની જબરદસ્ત સ્કીમ
સ્કીમ વધુ 3 દિવસ માટે લંબાવવામાં આવી છે.
9,10,11 એપ્રિલ 2026
5.9% મજૂરી પ્લેન ગોલ્ડ જ્વેલરી
9.9% મજૂરી કલકતી, એન્ટીક, પોલકી, જડાઉ
કાલે રવિવારે શોરૂમ બંધ રહેશે
DIAMOND • PLATINUM • GOLD • SILVER • ANTIQUE • GIFT ITEMS
R.A. Parikh Jewellers NX
આ મજૂરીમાં આ માલ ક્યાંય નહીં મળશે...
*Condition Apply
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181